निष्पक्ष खेल
Play fair

રાષ્ટ્રીય
ડોપિંગ રોધક
એજન્સી

# ખેલાડી ડોપિંગ નિયંત્રક પ્રક્રિયા



નાડા : વિશ્વસનીય, દૃશ્યમાન અને સમાવિષ્ટ

# પ્રસ્તાવના

ડોપ કંટ્રોલ (પરીક્ષણ) એ એક સાધન છે જેનો ઉપયોગ એન્ટી ડોપિંગ યાને ડોપ રોધક સંસ્થા (એડીઓ) રમતના મેદાનમાં સમરૂપતા અને સ્વચ્છ રમત થાય એ સુનિશ્ચિત કરવા માટે કરે છે.

કોઈપણ ડોપ રોધક કાર્યક્રમનું મહત્વનું પાસું નમૂના સંગ્રહ કરવાનું એટલે કે સેમ્પલ કલેક્શન હોય છે. આમાં ખેલાડીનું લોહી, પેશાબ, લોહીના સૂકા ધબ્બા અથવા વિશ્વ ડોપ રોધક સંસ્થા (WADA) દ્વારા મંજૂર કરાયેલા અન્ય કોઈપણ નમૂના એકત્રિત કરવામાં આવે છે, ત્યારબાદ તેનું યોગ્ય દસ્તાવેજીકરણ, નમૂનાઓ તૈયાર કરવા અને તેને WADA દ્વારા માન્યતાપ્રાપ્ત પ્રયોગશાળામાં મોકલવાનું હોય છે.

રમતગમતમાં ભાગ લેનારા અને ડોપિંગ વિરોધી નિયમોને આધીન હોય તેવા ખેલાડીઓ કોઈપણ સમયે તેમના ઇન્ટરનેશનલ ફેડરેશન (IF), નેશનલ એન્ટિ-ડોપિંગ ઓર્ગેનાઈઝેશન (NADO) અથવા મુખ્ય કાર્યક્રમ આયોજક એટલે કે મેજર ઈવેન્ટ ઓર્ગેનાઇઝર (MEO) દ્વારા પોતાના પેશાબ અને/અથવા લોહીની તપાસ કરાવી શકે છે. આ કાર્યવાહી ક્યાંય પણ કરી શકાય છે. આ હેતુ માટે, તમામ પરીક્ષણો ખાસ તાલીમ પામેલા ડોપ રોધક કર્મચારીઓ યાને ડોપ કંટ્રોલ પર્સનલ (DCP) કરે છે.

પરીક્ષણ સ્પર્ધા દરમિયાન અને સ્પર્ધા સિવાયના સમયગાળામાં, જેમ કે ખેલાડીના નિવાસસ્થાન, કાર્યસ્થળ અથવા તાલીમ સ્થળ પર કરી શકાય છે.

પરીક્ષણ માટે ખેલાડીઓની પસંદગી શી રીતે કરવામાં આવે છે?

- હરીફાઈ દરમિયાન : ખેલાડીઓની રેન્ડમ પસંદગી જો અંતિમ સ્થાન માટે અથવા કોઈ ખાસ કારણોસર જરૂરી હોય તો કરી શકાય છે.

- હરીફાઈની બહાર : એથ્લેટ્સનું ડોપ માટે કોઈપણ સમયે, ગમે ત્યાં અને અગાઉથી સૂચના આપ્યા વિના પરીક્ષણ થઈ શકે છે.

જો કોઈ ખેલાડી સગીર હોય અથવા દિવ્યાંગ હોય, તો જ્યાં જરૂરી અને શક્ય હોય ત્યાં નમૂના એકત્રિત કરવાની પ્રક્રિયામાં ફેરફાર કરી શકાય છે.



# પરીક્ષણ (પેશાબ)

પરીક્ષણ પ્રક્રિયાના 11 પગલાંઓમાં સામેલ છે :

પગલું 1
## ખેલાડીની પસંદગી
કોઈપણ સમયે અને કોઇપણ જગ્યાએ ડોપ ટેસ્ટ માટે ખેલાડીની પસંદગી કરી શકાય છે.

પગલું 2
## સૂચના
ડોપ કંટ્રોલ ઓફિસર (DCO) અથવા સંરક્ષક ખેલાડીને જાણ કરે છે કે તેને ડોપ કંટ્રોલ પ્રક્રિયા (પરીક્ષણ) માટે પસંદગી કરવામાં આવી છે અને એ જણાવાય છે કે તે અથવા તેનું પરીક્ષણ કઈ ADO ઓથોરિટી હેઠળ થઇ રહ્યું છે.

પગલું 3
## ડોપ કંટ્રોલ સ્ટેશન પર રિપોર્ટિંગ
ખેલાડીએ તરત જ ડોપ કંટ્રોલ સ્ટેશન પર હાજર થવું યા રિપોર્ટ કરવું જોઇએ (જો કે, જો DCO/BCO અને સંરક્ષક દ્વારા સૂચિત કરવામાં આવે તો તેને/તેણીને મેડલ સમારંભ વગેરે માટે મુક્તિ આપવામાં આવી શકે છે).

પગલું 4
## નમૂના સંગ્રહ કન્ટેનરની પસંદગી
ખેલાડી ડોપ કંટ્રોલ કર્મચારીઓ દ્વારા અપાયેલ પાત્રમાંથી પેશાબના નમૂના સંગ્રહ પાત્ર યાને કિટની પસંદગી કરશે.

પગલું 5
## નમૂના પ્રદાન કરો
જ્યારે રમતવીર નમૂનો આપવા માટે તૈયાર હોય, ત્યારે DCO અથવા ચેપરોન પેશાબનો નમૂનો આપતી વખતે સાક્ષી તરીકે રહેશે.

પગલું 6
## પેશાબનું પ્રમાણ
પેશાબના નમૂના માટે ઓછામાં ઓછા 90 એમએલની જરૂર પડે છે. જો પ્રથમ નમૂનો 90 એમએલ ન હોય, તો ખેલાડીને રાહ જોવા અને વધારાનો નમૂનો આપવા માટે કહેવામાં આવી શકે છે.



પગલું 7
## નમૂનાનું વિભાજન
ખેલાડી તેમના પેશાબને A અને B બોટલમાં વિભાજિત કરશે, જેથી બાકીનો પેશાબની નમૂના સંગ્રહ પાત્રમાં રહી જશે. B નમૂનો ખેલાડીને બીજું પરીક્ષણ કરવાની તક પૂરી પાડે છે જો તેમનો A નમૂનો પાછો આવે અને પ્રતિકૂળ વિશ્લેષણાત્મક તારણ ("પોઝીટીવ" પરિણામ) આવ્યું હોય.

પગલું 8
## નમૂના સીલિંગ
બોટલ A અને B ખેલાડી દ્વારા સીલ કરવામાં આવશે.

પગલું 9
## ચોક્કસ ઉગ્રતાનું માપન
ડીસીઓ ખેલાડીના પેશાબની ચોક્કસ ગંભીરતા (ઘનતા) માપે છે કે જેથી એ નક્કી કરી શકાય કે તે પ્રયોગશાળાના ધોરણોને પૂર્ણ કરે છે કે કેમ. જો નમૂનો ખૂબ જ પાતળો હોય તો ખેલાડીને વધારાના નમૂના(ઓ) આપવા માટે કહેવામાં આવશે.

પગલું 10
## ડોપ કંટ્રોલ ફોર્મ (DCF) ભરવું
ખેલાડી કાગળ અથવા ડિજિટલ ફોર્મેટમાં DCO સાથે DCF ભરે છે. ખેલાડીને વ્યક્તિગત માહિતી, ઉપયોગમાં લેવાતા પદાર્થો અથવા પદ્ધતિઓની સૂચિ અને ડોપ નિયંત્રણ પ્રક્રિયાને લગતી કોઈપણ ટિપ્પણીઓ પ્રદાન કરવા માટે કહેવામાં આવે છે. રમતવીરને DCFની પ્રિન્ટ અથવા ડિજિટલ કોપી મળે છે.

પગલું 11
## નમૂના લેબોરેટરીમાં મોકલવામાં આવે છે
ખેલાડીના સીલબંધ નમૂનાને સાચવવામાં આવે છે અને WADA દ્વારા માન્યતા પ્રાપ્ત લેબોરેટરીમાં મોકલવામાં આવે છે. DCF લેબોરેટરી નકલ કે જે નમૂના સાથે આવે છે તે અનામી છે, જે ફક્ત નમૂનાની બોટલ નંબર, રમતનું નામ અને રમતવીરનું લિંગ દર્શાવે છે.



# પરીક્ષણ (લોહી)

પરીક્ષણ પ્રક્રિયામાં 9 પગલાં સામેલ છે :

પગલું 1
## ખેલાડીની પસંદગી

ખેલાડી કોઈપણ સમયે અને કોઈપણ સ્થાને પરીક્ષણ માટે પસંદ કરી શકાય છે.

પગલું 2
## સૂચના

ખેલાડીને ડોપ કંટ્રોલ ઓફિસર (DCO) અથવા સંરક્ષક દ્વારા જાણ કરવામાં આવે છે કે તેને ડોપ કંટ્રોલ (પરીક્ષણ) માટે પસંદ કરવામાં આવેલ છે અને તેને જણાવવામાં આવે છે કે કયા ADO ઓથોરિટી હેઠળ તેનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.

પગલું 3
## ડોપિંગ કંટ્રોલ સ્ટેશનને જાણ કરવી

ખેલાડીએ તરત જ ડોપ કંટ્રોલ સ્ટેશનને જાણ કરવી યાને હાજર થવું જરૂરી છે (જો કે, એકવાર ચેક ઇન કર્યા પછી તેને મેડલ સમારોહ વગેરે માટે મુક્તિ મળી શકે છે).

પગલું 4
## બ્લડ કલેક્શન કીટ પસંદ કરવી

ખેલાડી ડોપ નિયંત્રણ કર્મચારીઓ દ્વારા પ્રદાન કરવામાં આવેલા કન્ટેનરમાંથી રક્ત સંગ્રહ કીટ પસંદ કરશે.

પગલું 5
## નમૂના પ્રદાન કરો

ખેલાડીને વેનપંક્ચર પહેલાં ઓછામાં ઓછા 10 મિનિટ સુધી બેસી રહેવા અને આરામ કરવાનું કહેવામાં આવશે.

બ્લડ કલેક્શન ઓફિસર (બીસીઓ) ખેલાડીના બિન-પ્રબળ હાથ (નોન-ડોમિનેટ આર્મ)ને લંબાવવા કહેશે, પછી હાથ પર ઉપર બાજુએ ટોર્નિકેટ બાંધશે અને પંચર કરવાની જગ્યાએ ત્વચાને સાફ કરશે. BCO ખેલાડી પાસેથી સિરીંજ દ્વારા લોહી ખેંચશે અને દરેક વેક્યુનેટર બ્લડ ટ્યુબમાં જરૂરી પ્રમાણમાં લોહી ભરશે.



સૂકા બ્લડ સ્પોટ પરીક્ષણ માટે : DCO/BCO પંચર માટે સૌથી યોગ્ય સ્થાનનું મૂલ્યાંકન કરશે, જે ખેલાડી અથવા તેના રમતગમતના પ્રદર્શનને પ્રતિકૂળ અસર કરે તેવી શક્યતા ન હોય.
ખેલાડી નમૂના સંગ્રહ સ્થળને વાર્મ કરશે. DCO/BCO લોહીના નમૂના લેવાના સ્થળને જંતુરહિત જંતુનાશક પેડ અથવા સ્વેબ વડે જંતુમુક્ત કરશે.
DCO/BCO આંગળીના ટેરવેથી ટીપાં અથવા હાથના ઉપરના ભાગમાંથી લોહી એકત્રિત કરશે.

પગલું 6
## નમૂનાનું વિભાજન
BCO વેક્યુટેનર ટ્યુબને A અને B કીટમાં રાખશે (જો લોહી નમૂના ABP પ્રોગ્રામના ભાગ રૂપે એકત્રિત કરવામાં આવે છે, તો માત્ર એક શીશીની જરૂર પડી શકે છે).

સૂકા બ્લડ સ્પોટ વિશ્લેષણ માટે : DCO/BCO DBS નમૂનાઓને A અને B લેબલવાળી સુરક્ષિત કિટમાં સ્થાનાંતરિત કરશે.

પગલું 7
## સીલિંગ નમૂનાઓ
રમતવીર A અને B બોટલો સીલ કરશે.

પગલું 8
## ડોપ કંટ્રોલ ફોર્મ (DCF) ભરવું
રમતવીર ડીસીએફને ડીસીઓને કાગળ અથવા ડિજિટલ ફોર્મેટમાં સબમિટ કરે છે. રમતવીરને વ્યક્તિગત માહિતી, ઉપયોગમાં લેવાતા પદાર્થો અથવા પદ્ધતિઓની સૂચિ અને ડોપ નિયંત્રણ પ્રક્રિયાને લગતી કોઈપણ ટિપ્પણીઓ પ્રદાન કરવા માટે કહેવામાં આવે છે. રમતવીરને DCFની પ્રિન્ટ અથવા ડિજિટલ કોપી મળે છે.

પગલું 9
## નમૂના લેબોરેટરીમાં મોકલવામાં આવે છે
રમતવીરના સીલબંધ નમૂનાને સાચવવામાં આવે છે અને WADA દ્વારા માન્યતા પ્રાપ્ત લેબોરેટરીમાં મોકલવામાં આવે છે. DCFની લેબોરેટરી કોપી જે નમૂના સાથે આવે છે તે અનામી છે, જે ફક્ત નમૂનાની બોટલ નંબર, રમતવીર અને રમતવીરનું લિંગ દર્શાવે છે.



राष्ट्रीय डोप रोधी एजेंसी
NATIONAL ANTI DOPING AGENCY
भारत INDIA
निष्पक्ष खेल
Play fair

રાષ્ટ્રીય ડોપિંગ રોધક એજન્સી

#SAYNOTODOPING TODAY & EVERYDAY

# વિલંબની વિનંતી

એવા સંજોગો બની શકે કે ખેલાડી ડોપ કંટ્રોલ સ્ટેશનને તાત્કાલિક જાણ કરવામાં વિલંબ કરી શકે છે. ખેલાડીને નીચેના અનુમતિપાત્ર કારણોસર વિલંબની વિનંતી કરવાનો અધિકાર છે. વિલંબની પરવાનગી એ ડોપ કંટ્રોલ કર્મચારી દ્વારા લેવામાં આવેલ નિર્ણય છે, જેમણે તમને જાણ કરી છે.

**હરીફાઈ દરમિયાનના સમયગાળામાં ખેલાડી નીચેની બાબતોમાં વિલંબ માટે વિનંતી કરી શકે છે :**

- મેડલ સમારોહમાં હાજરી આપવાની હોય
- મીડિયા પ્રતિબદ્ધતાઓ પરિપૂર્ણ કરવાની હોય
- આગળની હરીફાઈમાં હાજર થવાનું હોય
- વાર્મ-ડાઉન
- તબીબી સારવાર મેળવવાની હોય
- દુભાષિયાની શોધ કરવાની હોય
- કોઈપણ અન્ય અસાધારણ સંજોગો કે જે વાજબી ઠેરવી શકે છે અને જેનું દસ્તાવેજીકરણ કરવામાં આવશે

**હરીફાઈ સિવાયના સમયગાળામાં નીચેની બાબતોના સંદર્ભમાં વિલંબ માટે ખેલાડી વિનંતી કરી શકે છે :**

- મેડલ સમારોહમાં હાજરી આપવાની હોય
- મીડિયા પ્રતિબદ્ધતાઓ પરિપૂર્ણ કરવાની હોય
- આગળની હરીફાઈમાં હાજર થવાનું હોય
- વાર્મ-ડાઉન
- તબીબી સારવાર મેળવવાની હોય
- દુભાષિયાની શોધ કરવાની હોય
- કોઈપણ અન્ય અસાધારણ સંજોગો કે જે વાજબી ઠેરવી શકે છે અને જેનું દસ્તાવેજીકરણ કરવામાં આવશે



# સગીર અને દિવ્યાંગ ખેલાડી માટે સુધારા

## સગીરોનું પરીક્ષણ કરતી વખતે, પ્રક્રિયામાં મુખ્ય ફેરફાર/સુધારા નીચે મુજબ છે, જેના વિશે ખેલાડીઓએ જાણવું જોઈએ

સગીરોને ખેલાડી પ્રતિનિધિ (જે સગીર નથી)ની હાજરીમાં ડોપ કંટ્રોલ પર્સનલ (DCP) દ્વારા પરીક્ષણ માટે સૂચિત કરવું જરૂરી છે. આ રાષ્ટ્રીય સંચાલક મંડળના પ્રતિનિધિ, કોચ, માતાપિતા વગેરે હોઈ શકે છે. જો સગીર પ્રતિનિધિને નકારે છે, તો DCP નક્કી કરશે કે અન્ય પુખ્ત વ્યક્તિ, જેમ કે અન્ય DCP હાજર રહે. જો કોઈ પુખ્ત હાજર ન હોય, તો પુખ્ત વ્યક્તિ ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી સૂચના અટકાવી દેવામાં આવશે.

સગીરોને સલાહ આપવામાં આવે છે કે જો તેઓને પરીક્ષણ માટે સૂચિત કરવામાં આવે તો તેઓ તેમની સાથે એક પ્રતિનિધિ લઈ જાય. આ પ્રતિનિધિ નોટિફિકેશન યાને સૂચના દરમિયાન હાજર હોય તે જ પુખ્ત અથવા કોઈ અલગ વ્યક્તિ હોઈ શકે છે. પ્રતિનિધિઓને ટ્રેસ કરવા માટે DCP અને પુખ્ત વયના દ્વારા ખેલાડીની દેખરેખ કરવામાં આવશે.

સૂચના પછી કોઈપણ સમયે ડીસીપીને સાથ વિનાના સગીર સાથે છોડવામાં આવશે નહીં.

જ્યારે ખેલાડી નમૂનો આપવા માટે તૈયાર હોય, ત્યારે ખેલાડીને નમૂનો યાને સેમ્પલ આપતાં જોવાવાળા DCPએ એક નિરીક્ષક સાથે રહેવું જોઈએ જે તેને અને તેના આચરણને જોતો રહે. ખેલાડીનો પ્રતિનિધિ, જો હાજર હોય, તો તે પણ ડીસીપીની સાથે રહેશે અને સેમ્પલ આપતા રમતવીરનું નિરીક્ષણ કરતા ડીસીપીપાર નજર રાખશે. માત્ર ડીસીપીએ જ ખેલાડીને સેમ્પલ આપતા સીધા જોવાનું છે. જ્યાં સુધી કે ખેલાડી દ્વારા વિનંતી ન કરવામાં આવે, ન તો બીજા નિરીક્ષક કે ન ખેલાડીના પ્રતિનિધિએ તેને સીધા જ પેશાબ કરતાં જોવું જોઈએ.

## દિવ્યાંગ ખેલાડીનું પરીક્ષણ કરતી વખતે, પ્રક્રિયામાં મુખ્ય ફેરફારો નીચે મુજબ છે ખેલાડીએ જાણવી જોઈએ તે બાબતો :

શારીરિક વિકલાંગતા અથવા મર્યાદિત ગતિશીલતા અથવા હસ્ત-નિપુણતા ધરાવતા ખેલાડી નમૂનાના સંગ્રહના સાધનોનું સંચાલન કરતી વખતે, નમૂનાને વિભાજિત કરતી વખતે અથવા DCF પૂર્ણ કરતી વખતે મદદ માટે પુખ્ત ખેલાડી પ્રતિનિધિ અથવા DCO પાસેથી પૂછપરછ કરી શકે છે. પ્રતિનિધિ DCFના જરૂરી વિભાગોને પૂર્ણ કરી શકે છે અને જો ખેલાડી આમ કરવામાં અસમર્થ હોય તો ખેલાડી વતી ફોર્મ પર સહી કરી શકે છે.



## એથ્લીટ (ABP) પ્રોગ્રામ શું છે?

એથ્લીટ (ABP) પાછળનો સિદ્ધાંત સમય જતાં પસંદ કરેલા બાયોમાર્કર્સ (જૈવિક પરિમાણો) પર દેખરેખ રાખવાનો છે, જે આડકતરી રીતે શરીર પર ડોપની અસરોને જાહેર કરી શકે છે.

દરેક ખેલાડી માટે રેખાંશ રૂપરેખાઓ આંકડાકીય સાધનોના આધારે તૈયાર કરવામાં આવે છે જે સંભવિત વ્યક્તિગત શ્રેણીઓ અથવા ભાવિ નમૂનાઓ માટે સંદર્ભ મર્યાદાનો અંદાજ કાઢવા ખેલાડીના અગાઉના નમૂનામાંથી ડેટાનો ઉપયોગ કરે છે.

જો નમૂનામાંથી મેળવેલ કોઈપણ માહિતી/ડેટા એથ્લેટની સંદર્ભ શ્રેણીની બહાર આવે છે, તો આ અસામાન્ય મૂલ્ય (વેલ્યુ) ડોપ અથવા કોઇ રોગનિદાન સંબંધી સ્થિતિનો સંકેત હોઇ શકે છે.

હાલમાં ABP પ્રોગ્રામમાં ત્રણ મોડ્યુલ લાગુ કરવામાં આવ્યા છે: હેમેટોલોજીકલ, સ્ટીરોઈડલ અને એન્ડોક્રાઈન મોડ્યુલ.


## ABP કાર્યક્રમના ઉદ્દેશ

તેનો ઉપયોગ અસામાન્ય પ્રોફાઇલવાળા ખેલાડી પર લક્ષિત, પારંપારિક ડોપ રોધક એટલે કે એન્ટિ-ડોપ પરીક્ષણ કરવા માટે થઇ શકે છે.

તેનો ઉપયોગ ડોપ વિરોધી નિયમના ઉલ્લંઘનની બાબતમાં ડોપની ખરાઈ કરવાના પુરાવા તરીકે પણ થઇ શકે છે.



# ખેલાડી બાયોલોજીકલ પાસપોર્ટની પ્રક્રિયા






# ABP પ્રોગ્રામ મોડ્યુલ્સ

1. **હેમેટોલોજીકલ મોડ્યુલ :** હેમેટોલોજીકલ મોડ્યુલ રક્ત ડોપના માર્કર્સ પર માહિતી એકત્રિત કરે છે. આ મોડ્યુલનો હેતુ ઓક્સિજનના પરિવહન અથવા ડિલિવરીને વધારવા માટે પ્રતિબંધિત પદાર્થો અને/અથવા પ્રતિબંધિત પદ્ધતિઓના ઉપયોગને ઓળખવાનો છે, જેમાં AAEsનો ઉપયોગ અને કોઈપણ પ્રકારનું રક્ત ટ્રાન્સફ્યુઝન અથવા મેનીપ્યુલેશનનું કોઇપણ રૂપ સામેલ છે.

   એબીપી હેમેટોલોજિકલ મોડ્યુલની અંદર નીચે મુજબના બ્લડ વેરિયેબલ્સ પર વિચાર કરવામાં આવે છે, એટલે કે અસામાન્ય રક્ત પ્રોફાઇલ સ્કોર, હિમેટોક્રિટ, હિમોગ્લોબિન, ઇમેચ્યોર રેટિક્યુલોસાઇટ ફ્રેક્શન, સરેરાશ કોર્પસ્ક્યુલર હિમોગ્લોબિન, સરેરાશ કોર્પસ્ક્યુલર હિમોગ્લોબિન કન્સનટ્રેશન, સરેરાશ કોર્પસ્ક્યુલર પ્રમાણ, ઓફ-સ્કોર, પ્લેટલેટ કાઉન્ટ, લાલ રક્ત કોશિકા (એરિથ્રોસાઇટ) કાઉન્ટ, લાલ કોશિકા વિતરણ પહોળાઇ (પ્રમાણભૂત વિચલન), રેટિક્યુલોસાઇટ્સ કાઉન્ટ, રેટિક્યુલોસાઇટ્સ ટકાવારી, સફેદ રક્ત કોશિકાઓ

2. **સ્ટેરોઈડલ મોડ્યુલ :** સ્ટેરોઈડલ મોડ્યુલ પેશાબ અને/અથવા સીરમ સેમ્પલમાં માપવામાં આવેલ સ્ટેરોઈડ ડોપના માર્કર્સ પરની માહિતી એકત્રિત કરે છે. મોડ્યુલનો હેતુ બાહ્ય રૂપે પ્રશાસિત થવા પર અંતર્જાત એનાબોલિક એન્ડ્રોજેનિક સ્ટેરોઇડ્સ (EAAS)ને ઓળખવાનો છે.

   સ્ટેરોઇડલ મોડ્યુલ એ પેશાબના નમૂનાઓને ઓળખવા માટેનું એક અસરકારક માધ્યમ પણ છે કે જેમાં કોઈ અન્ય વ્યક્તિના પેશાબ સાથે ચેડાં કરવામાં આવ્યા હોય અથવા તેને બદલવામાં આવેલ હોય.

3. **એન્ડોક્રાઇન મોડ્યુલ :** એન્ડોક્રાઇન મોડ્યુલ HGH ડોપના માર્કર્સ પર માહિતી એકત્રિત કરે છે. મોડ્યુલનો હેતુ HGHના ઉપયોગની સાથે સાથે પ્રતિબંધિત યાદીની કલમ S2.2 હેઠળ વર્ગીકૃત કરવામાં આવતા HGH એનાલોગ્સ, ફ્રેગમેન્ટ્સ અને રીલીઝીંગ પરિબળોના ઉપયોગની તાપસ કરવાનો છે.

   આ મોડ્યુલ ઇન્સ્યુલિન જેવા વૃદ્ધિ કારક ગ્રોથ ફેક્ટર-γ (IGF-γ)નો ઉપયોગ પણ સૂચવી શકે છે, જે પ્રતિબંધિત યાદીની કલમ S2.3 હેઠળ વર્ગીકૃત થયેલ છે.



# ખેલાડીના અધિકાર અને જવાબદારીઓ

## ખેલાડીના અધિકાર

1. ડોપ કંટ્રોલ સ્ટેશન પર તેમની સાથે રહેવા માટે તેમની પસંદગીના પ્રતિનિધિને નામાંકિત કરવું.
2. દુભાષિયાની વિનંતી કરવું.
3. નમૂના એકત્રિત કરવાની પ્રક્રિયા વિશે માહિતીની વિનંતી કરવું.
4. માન્ય કારણોસર ડોપ કંટ્રોલ સ્ટેશનને જાણ કરવામાં વિલંબ માટે વિનંતી કરવી અથવા રિપોર્ટિંગ પછી ડોપ કંટ્રોલ ઓફિસરની સંમતિથી, સંરક્ષકની સંપૂર્ણ જાણકારી સાથે, ડોપ કંટ્રોલ સ્ટેશન છોડવું.
5. જો તેઓ દિવ્યાંગ (અક્ષમ) હોય તો સુધારા/ફેરફાર માટે વિનંતી કરવું.
6. પ્રક્રિયા સંબંધે પોતાની કોઈપણ સમસ્યાનું દસ્તાવેજીકરણ કરવું.


## ખેલાડીની જવાબદારીઓ

1. ડોપિંગ વિરોધી નીતિ (ઠોસ ઠેકાણા યાને વ્હેરઅબાઉટ્સની માહિતી પ્રદાન કરવા સહિત)થી વાકેફ રહો અને તેનું પાલન કરવું.
2. નમૂના એકત્રિત કરવાની પ્રક્રિયા માટે ઉપલબ્ધ રહેવું અને તેનું પાલન કરવું.
3. નમૂના એકત્રિત કરવાની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી દરેક સમયે અધિકારીની નજરમાં રહેવું.
4. ડોપ કંટ્રોલ સ્ટેશનને જલદી અથવા 60 મિનિટની અંદર જાણ કરવું.
5. સાધનસામગ્રીનું સંચાલન કરવું, નમૂનાના સંગ્રહની જાળવણી કરવી અને નમૂનાનું વિભાજન, સીલ કરવું અને સાચવવું.
6. બધા દસ્તાવેજો યોગ્ય રીતે ભરવું અને ખાતરી કરવી કે તેના પર સહી થયેલ છે.
7. પ્રતિબંધિત પદાર્થોથી સાવચેત રહેવું.



# કોઈપણ પ્રતિબંધિત દવાને કારણે પોતાની રમતગમત કારકિર્દી બરબાદ થવા ન દો

ખેલાડી કોઈ દવા કે તેના ઘટકોની પ્રતિબંધની સ્થિતિ વિશે સરળતાથી જાણકારી મેળવીને અજાણતાંમાં થતા ડોપથી પોતાને બચાવી શકે છે.




## તમારી દવા એપ્લિકેશન વિશે જાણો

QR ક્યુઆર કોડ સ્કેન કરો
ડાઉનલોડ કરો

અમારી સાથે જોડાઓ :

**નોંધ :- વિરોધાભાસના કિસ્સામાં, અંગ્રેજી આવૃત્તિ માન્ય રહેશે.**

# નોંધ

# નોંધ

#SAYNOTODOPING | TODAY & EVERYDAY



निष्पक्ष खेल
Play fair


**રાષ્ટ્રીય ડોપિંગ રોધક એજન્સી**

**હોલ નંબર 103-104, પહેલો માળ,**
**જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ, નવી દિલ્હી-110003**
**ફોન: 91-11-24368274, 011-24368248, 1800 11 9919**
**ઇમેઇલ : info.nada@nic.in**

**લોગ ઇન કરો : nadaindia.yas.gov.in**